# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/ક્વા-૨/૧૯-૨૦/૫૫૬૦–૨** **તા.૨૧–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૧/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **પ્રેમજીભાઈ રતિલાલ પરમાર** ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: **અરજદાર પ્રેમજીભાઈ રતિલાલ પરમાર હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: **કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા **પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર પ્રેમજીભાઈ રતિલાલ પરમાર ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૧૧/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓનુ ગ્રાહક નંબર– ૮૮૬૧૦/૦૫૨૩૫/૪ થી વીજ જોડાણ ધરાવે છે. પીજીવીસીએલ ની કચેરીમાથી ત્રણ નંગ ફેન રૂ.૩,૩૩૦/– અને લેમ્પ ૧૦ નંગ ૬૫૦/– કુલ રૂ.૩,૯૮૦/– તા.૦૪–૦૪–૧૭ થી ખરીદ કરેલ છે. જે બીલ ની નકલ રજુ કરેલ છે. અરજદાર ના વીજબીલ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૮ થી માહે એપ્રીલ – મે– ૧૯ સુધી બીલમાં ઉજાલા ચાર્જીસ નિયમીત રીતે કપાત કરાયેલ છે. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ઉજાલા ચાર્જીસ કપાત કરેલ રકમ રીફંડ આપવા **અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩ હેઠળ** આવતા નાનામવા સબડીવીઝન ના ગ્રાહક પ્રેમજી રતિલાલ પરમાર તરફથી વીજ વપરાશના બીલ માં ઉજાલા ચાર્જીસ ની રકમ ખોટી રીતે ચડીને આવવા બાબતે ફરિયાદ કરે ત્યારે ઓન

લાઈન ઉજાલા રજીસ્ટ્રેશન એલટી બિલિંગ સીસ્ટમ માં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે આ રજીસ્ટ્રેશન થયા પછી હપ્તા કપાત કરવાના બંધ થઇ જાય છે અને જે ચડત હપ્તા થઇ ગયેલ છે તે બાબતે પત્ર નં.- પીજીવીસીએલ/રેવ/૨૦૧૮-૧૯/LTB-1/૧૩૬૬ તા.૩.૧૦.૧૮થી આપેલ માર્ગદર્શન મુજબ જી.યુ.વી.એન.એલ. દ્વારા આ પ્રકારનો ડેટા EESL (એનર્જી એફીસીયન્સી સર્વિસીઝ લી.) ને મોકલવામાં આવે છે જેમાં EESL ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ફરિયાદ સાથે સહમત થશે તો ગ્રાહક પાસેથી બાકી રહેલા ઉજાલા ઈ.એમ.આઈ ની રીકવરી કાયમી ધોરણે બંધ કરવામાં આવે છે તેમજ ગ્રાહક ના ખાતામાં રહેલી ઉજાલા ઈ.એમ.આઈ પેટેની બાકી રકમ સીસ્ટમ લેવલે જરૂરી એડજેસ્ટમેન્ટ આપીને મજરે આપવામાં આવે છે.

૩.૧ આમ, ઉપરોક્ત ગ્રાહક ની અરજીના અનુસંધાને ફરીયાદી અરજદાર ની રજૂઆત મુજબ નાનામવા સબડીવીઝન તરફ થી એલટી બિલિંગ સીસ્ટમ માં ઓન લાઈન ઉજાલા રજીસ્ટ્રેશન તા.૧૬.૫.૧૯ થી કરવામાં આવેલ છે જેના આઈ.ડી.નંબર- ૧૪૧૯૯ છે અને હાલ ગ્રાહક ના ખાતામાં હવે પછી ના કોઈ હપ્તા ચડત થતા નથી અને જયારે ઉપલી કચેરી એટલેકે જી.યુ.વી.એન.એલ. દ્વારા ગ્રાહકના ખાતામાં ઓટો ડાયરેક્ટ ઓનલાઈન ક્રેડિટ આપવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગ્રાહક નં.–૮૮૬૧૦/૦૫૨૩૫/૪ થી વીજજોડાણ ધરાવે છે. અરજદાર ની અગાઉ ની રજુઆત તા.૨૩–૦૭–૧૯ ની અરજીના અનુસંધાને – સામેવાળા દ્રારા બીલીંગ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૮ થી માહે એપ્રીલ – મે– ૧૯ સુધી બીલમાં ઉજાલા ચાર્જીસ નિયમીત રીતે કપાત કરાયેલ છે. તેમજ અરજદાર દ્રારા ઉજાલા એપ્લાયન્સીસ રોકડે થી ખરીદેલ હોય, તેના પુરાવા રૂપે અરજદારે EESL નુ બીલ – તા.૦૪–૦૪–૧૮ નું રજુ કરેલ છે. જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્રારા બલ્બ, ટયુબલાઈટ કે પંખો હપ્તાથી ખરીદેલ હોય – તેવા કોઈપણ પુરાવા પીજીવીસીએલ દ્રારા ઉપલબ્ધ કરાયેલ નથી.

૪.૨ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૧ ના અનુસંધાને – પીજીવીસીએલ દ્રારા ફરીથી ઉજાલા ચાર્જીસ ના હપ્તા પેટે ઉઘરાવેલ છે, જે નિયમ ને સુસંગત નથી. આ સંજોગોમાં અરજદાર પાસેથી એલઈડી બલ્બ / ટયુબલાઈટ પેટે વીજબીલ મા હપ્તા વસુલ કરાયેલ હોય, જે પીજીવીસીએલ દ્રારા સંપૂર્ણ રકમ દિવસ–૩૦ મા – અરજદાર તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પરત કરવા સુચના આપવામા આવે છે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯